For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### સ્કેનિંગ વિભાગમાં નોકરી કરતા મુસ્લિમ યુવકને આયુષ પટેલના નામે નકલી ID કાર્ડ આપી દીધું

# યુનાઈટેડ વે ગરબા આયોજકોની શરમજનક બેદરકારીનો પર્દાફાશ, આયુષના નામે ઘૂસ્યો રઝાક

**બજરંગ દળે** ઝડપી પાડી પોલીસને સોંપ્યો, માલેતુજાર આયોજકોની સુરક્ષા સામે ગંભીર સવાલો

(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરા શહેરના પ્રખ્યાત અને દરવખતે વિવાદોમાં રહેતા યુનાઈટેડ વે ગરબાના માલેતુજાર આયોજકોની ઘોર બેદરકારી અને હિન્દુ લાગણી સાથે ચેડાં કરતી વધુ એક ઘટના સામે આવી છે. જેમાં સ્કેનિંગ વિભાગમાં નોકરી કરતા વિધર્મી યુવકને આયુષ પટેલના નામે નકલી આઈકાર્ડ કાર્ડ આપી દીધું હતું. જેનો હિન્દુ સંગઠને પર્દાફાશ કર્યો હતો.

મળતી વિગતો મુજબ, વડોદરા મહાનગર બજરંગ દળને બાતમી મળી હતી કે યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડ પર સ્કેનિંગ ડિપાર્ટમેન્ટમાં કામ કરતો એક વિધર્મી યુવક હિન્દુ નામથી નોકરી કરી રહ્યો છે. બાતમીના આધારે તાત્કાલિક બજરંગ દળના સહ સંયોજક સાઈકુમાર પિલ્લાઈ અને સમરસતા સહપ્રમુખ હિરેનભાઈ ખત્રી પોતાના કાર્યકર્તાઓ સાથે યુનાઈટેડ વે ગરબા ગ્રાઉન્ડ પર પહોંચ્યા હતા. તપાસ કરતા ચોંકાવનારું સત્ય બહાર આવ્યું હતું. સ્કેનિંગ વિભાગમાં કામ કરતો રઝાક નામનો મુસ્લિમ યુવક આયુષ પટેલ ના હિન્દુ નામનું નકલી ઓળખપત્ર બનાવીને ફરજ બજાવી રહ્યો હતો. વધુ તપાસમાં સામે આવ્યું કે, આ ગ્રાઉન્ડ પર ભરતી કરતી 'બોયઝ ઝોન એજન્સી દ્વારા જ આવા અનેક યુવકોને હિન્દુ નામવાળા ડુપ્લીકેટ આઈડી કાર્ડ બનાવી આપવામાં આવ્યા છે. આ એજન્સી અને આયોજકોની મિલીભગતથી કે પછી ઘોર બેદરકારીને કારણે સુરક્ષામાં ગંભીર બેદરકારી દાખવવામાં આવી છે. બજરંગ દળના કાર્યકર્તાઓએ તાત્કાલિક આ યુવકને દબોચી લીધો હતો અને પોલીસને હવાલે કરી તેની વિરુદ્ધ એફઆઈઆર નોંધાવવાની કાર્યવાહી હાથ ધરી હતી. હિન્દુઓના સૌથી મોટા ગણાતા નવરાત્રિ પર્વમાં લાખો દીકરી-બહેનો ગરબે રમે છે, ત્યારે આવા સંવેદનશીલ સ્થળે આવી બેદરકારી કેટલી યોગ્ય? માત્ર પૈસા કમાવવામાં વ્યસ્ત આવા માલેતુજાર આયોજકો દ્વારા સુરક્ષાના નામે મીંડુ, અને હિન્દુ આસ્થા સાથે ચેડા કરવાની આ ઘટનાને લઈ શહેરભરના હિન્દુ સંગઠનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.



### ચુકવણી અને વ્યવસ્થાપનમાં નિષ્ફળતાને કારણે ગરબા બંધ કરવા પડ્યા

# વડોદરામાં નવરાત્રિ પહેલા જ મોટો કાંડ શક્તિ સર્કલના ગરબા અડધેથી રદ્દ

**કલાકારો** અને પ્રોડક્શન હાઉસના પૈસા ન ચૂકવ્યાનો ગંભીર આરોપ, ટિપ્પણી બંધ કરી આયોજકોની ભાગેડુ નીતિ




(પ્રતિનિધિ) વડોદરા, તા.16

વડોદરામાં નવરાત્રિના ગરબા આયોજનમાં ગેરવહીવટ અને ચુકવણીના વિવાદને કારણે ગરબા અધવચ્ચે બંધ કરવાની જાહેરાત થતાં ખળભળાટ મચ્યો છે. શક્તિ સર્કલ અને સારથી બેન્ડ દ્વારા આયોજિત ગરબાનું 10 રાત્રિનું આયોજન જાહેર કરાયું હતું, પરંતુ માત્ર ત્રણ દિવસ બાદ જ કાર્યક્રમ બંધ કરી દેવામાં આવ્યો હતો.

વડોદરાના સેવાસી-સિંધરોટ રોડ પર ડેકાથલોન નજીક મહાપુરા-ખાનપુર વિસ્તારમાં આવેલા આરુષ લોન ખાતે 11થી 20 ઓક્ટોબર દરમિયાન ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આયોજકોએ અગાઉથી પ્રચાર-પ્રસાર કરીને ટિકિટોનું વેચાણ પણ કર્યું હતું. જોકે, 14 ઓક્ટોબર બાદ ગરબા નહીં યોજવાની જાહેરાત સામાજિક માધ્યમો પર કરવામાં આવતાં ખેલૈયાઓમાં નિરાશા ફેલાઈ હતી.

આયોજકોએ પોતાની જાહેરાતમાં સ્થળ બદલવા સહિતની અણધારી પરિસ્થિતિઓનો સામનો કરવો પડ્યો હોવાનું જણાવી આ વર્ષની સફર પૂર્ણ કરવાની વાત કરી હતી. આવતા વર્ષે વધુ મોટા અને સારા આયોજન સાથે પાછા ફરવાનો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

બીજી તરફ, ગરબા બંધ થવા પાછળ ચુકવણીનો વિવાદ હોવાનું ચર્ચાઈ રહ્યું છે. કલાકારો અને પ્રોડક્શન હાઉસ સહિત અનેક લોકોની રકમ બાકી હોવાના આક્ષેપો સામાજિક માધ્યમો પર કરવામાં આવ્યા છે. નિહાર પરીખ અને હેરી કંટારિયાને ટેગ કરીને કેટલાક લોકોએ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. વિવાદ વધતાં આયોજકોના સામાજિક માધ્યમ પરના ટિપ્પણી વિભાગને બંધ કરી દેવાયો હોવાનો પણ ઉલ્લેખ થયો છે.

આ મામલે વધુ વિગતો મેળવવા નિહાર પરીખનો સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તેમનો સંપર્ક થઈ શક્યો નહોતો.

### અદાલતી પ્રોસીડિંગ્સનું ઉલ્લંઘન પડ્યું ભારે

# મનપાના વહીવટી અધિકારીની જિલ્લા કોર્ટે કાઢી ઝાટકણી

**મેકેનિકલ** શાખાના અધિકારીને પણ સમન્સ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા મહાનગરપાલિકાના અધિકારીઓની અદાલતી કાર્યવાહી પ્રત્યેની ઉદાસીનતાને લઈને જિલ્લા કોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. વારંવાર સમન્સ અને સૂચનાઓ આપવા છતાં સંબંધિત અધિકારીઓ હાજર ન રહેતાં અદાલતે આકરું વલણ અપનાવ્યું છે.

વડોદરા જિલ્લા કોર્ટના એડિશનલ સિવિલ જજ પૂનમ એસ. સ્વામીની અદાલતમાં પાલિકા સંબંધિત કેસની સુનાવણી દરમિયાન આ મામલો સામે આવ્યો હતો. અગાઉ અનેક વખત અધિકારીઓને હાજર રહેવા જણાવાયું હોવા છતાં તેઓ ગેરહાજર રહેતાં અદાલતે નારાજગી વ્યક્ત કરી હતી.

આ મામલે સામાન્ય વહીવટી વિભાગના અધિકારી દેવાંગ ભટ્ટ અદાલત સમક્ષ હાજર થયા હતા. અદાલતે તેમને કડક શબ્દોમાં ટકોર કરતાં જણાવ્યું હતું કે, પાલિકાની નિયમિત બેઠકો કરતાં અદાલતી કાર્યવાહીમાં હાજર રહેવું વધુ અગત્યનું છે. સાથે જ કોર્ટની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરાવવાની જવાબદારી પણ તેમને સોંપવામાં આવી હતી.

અદાલતે મિકેનિકલ શાખાના અધિકારીને આગામી સુનાવણીમાં હાજર રહેવા ખાસ તાકીદ કરી છે. ઉપરાંત, વારંવાર આદેશોની અવગણના અંગે લેખિત ખુલાસા સાથે આગામી 21 ઓક્ટોબર સુધીમાં રૂબરૂ હાજર રહેવા દેવાંગ ભટ્ટને આદેશ આપવામાં આવ્યો છે. કોર્ટના આ કડક વલણને પગલે વડોદરા મહાનગરપાલિકાના વહીવટી વર્તુળોમાં ચર્ચા જાગી છે. હવે આગામી સુનાવણીમાં અધિકારીઓ શું ખુલાસો રજૂ કરે છે તેના પર સૌની નજર રહેશે.

### ૯૦ વર્ષ જૂના મોતીબાગ ગ્રાઉન્ડની જાળવણી બંધ કરવાના આક્ષેપ સહિત કોર્ટના આદેશના ભંગનો મુદ્દો

# બીસીએની કેરટેકર બોડી સામે ગુજરાત હાઈકોર્ટની કડક કાર્યવાહી, કન્ટેમ્પ્ટ અરજીમાં નોટિસ ઈસ્યુ

**18 ફેબ્રુઆરીથી** 30 એપ્રિલ દરમિયાન રૂ.19 કરોડના ખર્ચની વિગતો સભ્યોને નહીં આપી હોવાનો પણ દાવો

(પ્રતિનિધિ) વડોદરા,તા.16

બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA)ની કેરટેકર બોડી સામે કોર્ટના આદેશના કથિત ભંગ બદલ દાખલ કરાયેલી કન્ટેમ્પ્ટ અરજીમાં ગુજરાત હાઈકોર્ટે નોટિસ ઈશ્યૂ કરી છે. 90 વર્ષ જૂના ઐતિહાસિક મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડની જાળવણી બંધ કરવા, બીપીએલનું આયોજન કરવા અને આશરે રૂ.19 કરોડનો ખર્ચ કરવા સહિતના મુદ્દે કેરટેકર બોડી સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે.

BCAના સભ્યો પ્રદીપસિંહ સોલંકી, રામચંદ્ર પ્રજાપતિ અને કલ્પેશ પરમારે આ અરજી દાખલ કરી છે. અરજીમાં જણાવ્યા મુજબ, હાઈકોર્ટે 18 ફેબ્રુઆરી, 2026ના રોજ આપેલા આદેશ હેઠળ અગાઉના હોદ્દેદારોને માત્ર નિયમિત અને રોજિંદા વહીવટ પૂરતી કેરટેકર બોડી તરીકે ચાલુ રહેવાની મંજૂરી આપી હતી. જોકે, અરજીકર્તાઓનો આક્ષેપ છે કે બોડીએ આ મર્યાદાનું ઉલ્લંઘન કર્યું છે.

સુનાવણી દરમિયાન અનંત ઈન્દુલકર સિવાયના પ્રતિવાદીઓ તરફથી વકીલો હાજર રહ્યા હતા. તેમણે નોટિસની બજવણી જતી કરી હતી અને તમામ પ્રતિવાદીઓએ મામલે જવાબ રજૂ કરવાની સંમતિ આપી હતી. હવે પ્રતિવાદીઓ દ્વારા કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવનારા જવાબમાં આક્ષેપો અંગે શું સ્પષ્ટતા કરવામાં આવે છે તેના પર સૌની નજર રહેશે.

અરજીમાં જણાવ્યા મુજબ, 1 ઓગસ્ટ, 2026થી ઐતિહાસિક મોતીબાગ ક્રિકેટ ગ્રાઉન્ડની જાળવણી બંધ કરી દેવામાં આવી હતી. આ પગલાથી BCAનો ગ્રાઉન્ડ સાથેનો 90 વર્ષ જૂનો સંબંધ અને મહારાજા સયાજીરાવ ગાયકવાડના વારસા સાથેનું જોડાણ જોખમાયું હોવાનો દાવો કરાયો છે. વધુમાં, CEO સ્નેહલ પારેખની મુદત 31 માર્ચ, 2026ના રોજ પૂર્ણ થયા પછી પણ તેમને પદ પર ચાલુ રાખવાનો આક્ષેપ છે.

અરજીમાં એવો પણ આક્ષેપ છે કે કેરટેકર બોડીએ પ્રણવ અમીનને BCCIની 2026ની ચૂંટણીમાં BCAના મતદાન માટે પ્રતિનિધિ તરીકે નિયુક્ત કર્યા હતા, જ્યારે ચૂંટણી અધિકારીએ 8 સપ્ટેમ્બરે આ નામાંકન અંગે વાંધો દર્શાવ્યો હતો. આ ઉપરાંત BPL ગવર્નિંગ કાઉન્સિલની રચના, સિનિયર મેન્સ ટીમના હેડ કોચની પસંદગી અને BPL-2026ના આયોજન સામે પણ વાંધા ઉઠાવાયા છે.

18 ફેબ્રુઆરીથી 30 એપ્રિલ દરમિયાન આશરે રૂ.19 કરોડનો ખર્ચ કરીને તેની વિગતો સભ્યોને નહીં આપવાનો તથા હોદ્દેદારોની ભૂમિકાઓ ચાલુ રાખવાનો પણ અરજીમાં ઉલ્લેખ છે. અરજીકર્તાઓના મતે, કેરટેકર બોડીની સત્તાઓ અને વહીવટી નિર્ણયો અંગે ન્યાયિક તપાસ જરૂરી છે. આ તમામ આક્ષેપો અંગે પ્રતિવાદીઓના જવાબ બાદ કોર્ટમાં આગળની કાર્યવાહી થશે.

# પાણીની સમસ્યાથી કંટાળેલી વોર્ડ નં.૧૪ની મહિલાઓએ માટલા ફોડ્યા



(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેરના વોર્ડ નંબર 14માં પીવાના પાણીની અછત અને ઓછા પ્રેશરની સમસ્યાને લઈને રહીશોમાં રોષ ફાટી નીકળ્યો હતો. સમસ્યાથી કંટાળેલી મહિલાઓ સહિતના રહીશો મોટી સંખ્યામાં વડોદરા મહાનગરપાલિકાની કચેરીએ મોરચો લઈને પહોંચ્યા હતા અને મુખ્ય ગેટ પર માટલાં ફોડીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો.

રહીશોના જણાવ્યા મુજબ, વોર્ડના વિવિધ વિસ્તારોમાં લાંબા સમયથી પૂરતા પ્રેશરથી અને નિયમિત પાણી મળતું નથી. ઓછા સમય માટે પાણી આવતું હોવાથી ઘરવપરાશમાં પણ મુશ્કેલી પડે છે. આ અંગે સ્થાનિક કોર્પોરેટરો અને પાલિકાના વોટર વર્ક્સ વિભાગમાં વારંવાર રજૂઆતો કરવા છતાં સમસ્યાનો ઉકેલ આવ્યો નથી.

વિરોધ દરમિયાન મહિલાઓએ "હકનું પાણી આપો" અને "પાણીની સમસ્યા દૂર કરો"ના સૂત્રોચ્ચાર કર્યા હતા. રહીશોએ પૂરતા પ્રેશરથી નિયમિત અને સ્વચ્છ પાણી પૂરું પાડવાની માગ કરી હતી. જો સમસ્યાનો ઝડપથી ઉકેલ નહીં આવે તો આંદોલન ઉગ્ર બનાવવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.

### ભાયલી-સેવાસી ટાંકીની તપાસમાં બેદરકારીના આક્ષેપ

# પાણીની ટાંકીમાં ૮ માસથી એક જ લેવલ ફાયર સિલિન્ડરની મુદત પણ પૂરી!

**કોન્ટ્રાક્ટરને** બ્લેકલિસ્ટ કરવા અને જવાબદાર એન્જિનિયરોને સસ્પેન્ડ કરવાની કોંગ્રેસની માગ

(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેરમાં ડેન્ગ્યુના કેસો વધતા હોવાના અહેવાલો વચ્ચે ભાયલી-સેવાસી સ્થિત પાણીની ઓવરહેડ ટાંકીની જાળવણી સામે સવાલો ઊઠ્યા છે. વોર્ડ નંબર-10ના કોંગ્રેસ પ્રમુખ હાર્દિક આમોદિયાએ સ્થળ તપાસ કરી મહાનગરપાલિકાની કામગીરી સામે બેદરકારીના આક્ષેપો કર્યા છે.

તેમના જણાવ્યા મુજબ, ટાંકીમાં છેલ્લા છથી આઠ મહિનાથી પાણીનું લેવલ એકસરખું જાળવવામાં આવે છે. કર્મચારીઓની પૂછપરછમાં કોન્ટ્રાક્ટરની સૂચનાથી આવું થતું હોવાનું જાણવા મળ્યું હોવાનો તેમણે દાવો કર્યો હતો. પાણીની ગુણવત્તા અને જાળવણીની યોગ્ય તપાસ નહીં થાય તો નાગરિકોના આરોગ્ય સામે જોખમ ઊભું થઈ શકે છે. તપાસ દરમિયાન ટાંકી પરનાં ફાયર સિલિન્ડરોની મુદત પૂરી થઈ ગઈ હોવાનું તેમજ કર્મચારીઓ માટે સેફ્ટી બૂટ સહિતનાં સુરક્ષા સાધનોની વ્યવસ્થા ન હોવાનું પણ સામે આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે. હાર્દિક આમોદિયાએ જવાબદાર કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરવા અને સંબંધિત એન્જિનિયરોને સસ્પેન્ડ કરવાની માગ કરી છે. પાણીની ગુણવત્તા, ટાંકીની જાળવણી અને સલામતીનાં સાધનો અંગે મહાનગરપાલિકા તાત્કાલિક તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરે તેવી માગ ઊઠી છે. જોકે, આક્ષેપો અંગે પાલિકાનો સત્તાવાર પક્ષ જાણવા મળ્યો નથી.

### દશેરા પૂર્વે વડોદરા પાલિકાનો સપાટો

# ફાફડા-જલેબીના સેમ્પલ લેવાયા રેસકોર્ષની 'પ્રસાદમ' રેસ્ટોરન્ટને નોટિસ

**તહેવારોમાં** નાગરિકોના આરોગ્ય સાથે ચેડાં રોકવા ફૂડ વિભાગ એક્શન મોડમાં; ચારેય ઝોનમાં સઘન ચેકિંગ ઝુંબેશ શરુ



(પ્રતિનિધિ) વડોદરા તા.16

વિજયાદશમીના પવિત્ર તહેવારને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે વડોદરા શહેરમાં ઉત્સવના માહોલ વચ્ચે ખાદ્યપદાર્થોની ગુણવત્તા જળવાઈ રહે તે માટે મહાનગરપાલિકાનું ફૂડ સેફ્ટી વિભાગ સંપૂર્ણપણે એક્શન મોડમાં આવી ગયું છે. દશેરાના દિવસે શહેરમાં ટનબંધ ફાફડા અને જલેબીનું રેકોર્ડબ્રેક વેચાણ થતું હોય છે. આ તહેવાર દરમિયાન નાગરિકોના સ્વાસ્થ્ય સાથે કોઈ ચેડાં ન થાય અને તેમને શુદ્ધ તથા ગુણવત્તાયુક્ત ખાદ્યપદાર્થો મળી રહે તે હેતુથી ફૂડ વિભાગ દ્વારા શહેરના ચારેય ઝોનમાં વ્યાપક અને સઘન તપાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

ફૂડ ચેકિંગની આ કામગીરી દરમિયાન શહેરની જાણીતી 'પ્રસાદમ' રેસ્ટોરન્ટ સહિત વિવિધ વેપારીઓને ત્યાં દરોડા પાડીને ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન અનિયમિતતા તથા અસ્વચ્છતા જણાતાં પ્રસાદમ રેસ્ટોરન્ટને દંડનીય આકરી નોટિસ ફટકારવામાં આવી છે. આ ઉપરાંત શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી ફાફડા, જલેબી, બેસન, તેલ તથા અન્ય મિઠાઈઓના સેમ્પલો એકત્રિત કરીને તેને લેબોરેટરી પરીક્ષણ અર્થે મોકલી આપવામાં આવ્યા છે.

ફૂડ વિભાગના અધિકારીઓએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે તહેવારોના દિવસોમાં અશુદ્ધ, ભે ભેળસેળયુક્ત કે વાસી ખોરાક વેચનારા વેપારીઓ સામે કાયદાકીય કડક કાર્યવાહી કરવામાં આવશે.

આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા શહેરના ચારેય ઝોનમાં મીઠાઈ, ફરસાણ અને ફાફડા-જલેબીના વેપારીઓને ત્યાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. મલ્હાર પોઈન્ટ સહિતના વિસ્તારોમાં કરવામાં આવેલી આ તપાસ દરમિયાન ખાદ્યપદાર્થોના ગુણવત્તા નિયંત્રણ માટે કુલ ૨૦થી વધુ સેમ્પલ લેવામાં આવ્યા છે, જેને પબ્લિક હેલ્થ લેબોરેટરીમાં મોકલી આપવામાં આવ્યા છે.

# ડભોઈમાં SMCનો દરોડો, બુટલેગર ધવલ જયસ્વાલના દારૂ કટિંગનો પર્દાફાશ

**રૂ. ૨૮.૬૨** લાખનો મુદ્દામાલ જપ્ત, પિતા-પુત્ર સહિત છ શખ્સો વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 16

વડોદરા જિલ્લાના ડભોઇ તાલુકાના બોરીયાદ ગામે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)એ દરોડો પાડી વિદેશી દારૂના કથિત કટિંગનો પર્દાફાશ કર્યો છે. વણકર વાસ પાસેના ખુલ્લા વાડામાં હરિયાણા પાસિંગની ઈનોવા કારમાંથી વિવિધ બ્રાન્ડનો વિદેશી દારૂ મળી આવતાં પોલીસે કાર સહિત રૂ. 28.62 લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

બાતમીના આધારે વોચ ગોઠવનારી SMCની ટીમે ઈનોવા કારની તપાસ કરતાં કાળા કપડાથી ઢાંકેલી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસને જોઈને સ્થળ પર હાજર કેટલાક શખ્સો નાસી છૂટ્યા હતા. દારૂના જથ્થાની કિંમત રૂ. 13.62 લાખ હોવાનું જાણવા મળ્યું છે. આ કાર્યવાહીથી તાલુકામાં ચાલતા દારૂના ગેરકાયદે વેપાર સામે ફરી એકવાર ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

પ્રાથમિક તપાસમાં દારૂનો જથ્થો ડભોઇના લિસ્ટેડ બુટલેગર ધવલ રાજુભાઈ જયસ્વાલનો હોવાનું સામે આવ્યું છે. ધવલ, તેના ભાઈ જય, પિતા રાજુભાઈ સહિત છ શખ્સોને વોન્ટેડ જાહેર કરવાની કાર્યવાહી હાથ ધરાઈ છે. પોલીસે દારૂનો જથ્થો લાવનાર અને કારના માલિકની ઓળખ મેળવવા પણ તપાસ શરૂ કરી છે.

ધવલ સામે અગાઉ પ્રોહિબિશનના આઠ, જ્યારે તેના ભાઈ અને પિતા સામે બે-બે ગુના નોંધાયા હોવાનું જાણવા મળ્યું છે. આટલો મોટો જથ્થો ઝડપાતાં દારૂના નેટવર્ક અને સ્થાનિક પોલીસની દેખરેખ સામે સવાલો ઊભા થયા છે. વારંવાર ગુનાઓમાં નામ સામે આવતાં શખ્સો સામે અગાઉ શું કાર્યવાહી કરાઈ હતી અને દારૂનો જથ્થો ક્યાંથી લવાયો હતો તે દિશામાં વધુ તપાસ હાથ ધરાઈ છે.

# સૂરસાગરમાં માછલીઓનાં મોતથી દુર્ગંધ, પ્રજા પરેશાન

(પ્રતિનિધિ) વડોદરા તા.16

સૂરસાગર તળાવમાં મોટી સંખ્યામાં માછલીઓનાં મોત થતાં તીવ્ર દુર્ગંધ ફેલાઈ છે. પરિણામે સ્થાનિક રહીશો અને સહેલાણીઓ પરેશાન થઈ રહ્યા છે. વારંવાર આવી ઘટનાઓ બનતી હોવા છતાં કાયમી ઉકેલ નહીં આવતાં તંત્રની કામગીરી સામે સવાલો ઊઠ્યા છે. તળાવમાં મૃત માછલીઓના કારણે આસપાસના વિસ્તારમાં અસ્વચ્છતા અને દુર્ગંધની સમસ્યા સર્જાઈ છે. સ્થાનિકોએ આ અંગે અનેક વખત રજૂઆતો કરી હોવા છતાં સમસ્યા યથાવત્ હોવાનો આક્ષેપ કર્યો છે. પાણીમાં ઓગળેલા ઓક્સિજનનું પ્રમાણ ઘટવું કે પાણીની ગુણવત્તા બગડવી માછલીઓનાં મોતનું સંભવિત કારણ હોઈ શકે છે. આથી પાણીની વૈજ્ઞાનિક તપાસ કરાવવાની માગ ઊઠી છે. નાગરિકોએ મૃત માછલીઓનો નિકાલ કરવા ઉપરાંત પાણીની ગુણવત્તાની નિયમિત ચકાસણી, એરેટર્સની વ્યવસ્થા અને તળાવની સફાઈ સહિતનાં પગલાં લઈ કાયમી ઉકેલ લાવવા માગ કરી છે.

### સલામતીનાં પગલાં લઈ તંત્ર તાત્કાલિક તપાસ કરે તેવી માગ

# વડસરના 'સિગ્નેચર મેમરીઝ' સાઈટ પર ક્રેનનો ભાગ રસ્તા પર લટકતાં અકસ્માતનો ભય

**બાંધકામ** સાઇટની બેદરકારીથી વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષા સામે સવાલો




(પ્રતિનિધિ) વડોદરા તા.16

શહેર માં બાંધકામની કામગીરી દરમિયાન સલામતીના ધોરણોનું પાલન થાય છે કે નહીં તે અંગે ફરી સવાલો ઊભા થયા છે. વડોદરાના વ્યસ્ત વડસર વિસ્તારમાં બ્રિજ નીચેથી ઉતરતાં જ આવેલા 'સિગ્નેચર મેમરીઝ' બાંધકામ સ્થળે ઊંચાઈ પર કામ કરતી વિશાળ ક્રેન નો ભાગ વારંવાર રસ્તા તરફ લટકતો જોવા મળતો હોવાની ફરિયાદો સામે આવી છે. આ સ્થિતિને પગલે રસ્તા પરથી પસાર થતા વાહનચાલકો અને રાહદારીઓની સુરક્ષાને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

સ્થા નિક નાગરિકોના જણાવ્યા અનુસાર, બાંધકામમાં ભારેખમ સામગ્રી ઊંચકવા માટે ઉપયોગમાં લેવાતી ક્રેનનો ભાગ જાહેર માર્ગ તરફ આવી જતો હોવાથી અકસ્માતની આશંકા રહે છે. ખાસ કરીને વાહનોની વધુ અવરજવર રહેતા સમયે આ સ્થિતિ જોખમી બની શકે છે. જો ક્રેનમાંથી કોઈ વજનદાર વસ્તુ કે બાંધકામની સામગ્રી નીચે પડે, તો ગંભીર અકસ્માત સર્જાવાની શક્યતા નકારી શકાય તેમ નથી.

શહેરમાં અગાઉ પણ બાંધકામ સ્થળે સલામતીના અભાવને કારણે અકસ્માતની ઘટનાઓ સામે આવી ચૂકી છે. તેમ છતાં જાહેર માર્ગો નજીક ચાલી રહેલી બાંધકામની કામગીરીમાં પૂરતી તકેદારી રાખવામાં આવે છે કે નહીં તે અંગે તપાસની જરૂરિયાત ઊભી થઈ છે. આ મામલે સ્થાનિક નાગરિકોમાં પણ ચિંતા અને રોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહેવાસીઓ અને આગેવાનોએ મહાનગરપાલિકા તથા સંબંધિત વહીવટી તંત્ર સમક્ષ તાત્કાલિક સ્થળ તપાસ કરવાની માગ કરી છે. ક્રેનની કામગીરીનું નિરીક્ષણ કરી જાહેર માર્ગ પર કોઈ જોખમ ઊભું ન થાય તેની ખાતરી કરવા તેમજ જરૂરિયાત મુજબ સલામતી જાળી અને અન્ય સુરક્ષાનાં પગલાં લેવા રજૂઆત કરવામાં આવી છે.

# દબાણોના કારણે મૃતદેહ પગ રિક્ષામાં લઈ જવાની ફરજ પડી

**મકરપુરાના** જશોદા નગરમાં રસ્તાઓ પરના દબાણોને લીધે એમ્બ્યુલન્સ અંદર ન જઈ શકી

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરાના મકરપુરા વિસ્તારમાં આવેલા જશોદાનગરમાં એક મહિલાએ અગમ્ય કારણોસર પોતાના ઘરે જીવન ટૂંકાવ્યું હતું. આ દુઃખદ ઘટના બાદ સોસાયટીના સાંકડા રસ્તાઓ અને ગેરકાયદે દબાણોની સમસ્યાએ પરિવારની મુશ્કેલીમાં વધારો કર્યો હતો.

મળતી માહિતી મુજબ, સોસાયટીના આંતરિક રસ્તાઓ પર દબાણોને કારણે કટોકટીની સ્થિતિમાં એમ્બ્યુલન્સ અંદર પ્રવેશી શકી નહોતી. મૃતદેહને બહાર લઈ જવા માટે પણ વાહનની વ્યવસ્થા ન થતાં પરિવારજનોએ અંતે પગ રિક્ષામાં મૃતદેહને લઈ જવાની ફરજ પડી હતી.

આ ઘટનાને પગલે સ્થાનિક રહેવાસીઓમાં વડોદરા મહાનગરપાલિકા સામે રોષ જોવા મળી રહ્યો છે. રહેવાસીઓના આક્ષેપ મુજબ, સોસાયટીઓમાં ઓટલા, કમ્પાઉન્ડ વોલ અને અન્ય ગેરકાયદે દબાણો દૂર કરવા વારંવાર રજૂઆતો કરવા છતાં તંત્ર દ્વારા નક્કર કાર્યવાહી કરવામાં આવતી નથી.

સ્થાનિકોનું કહેવું છે કે મકરપુરા ઉપરાંત વાઘોડિયા રોડ અને કારેલીબાગ સહિતના વિસ્તારોમાં પણ સાંકડા આંતરિક રસ્તાઓને કારણે ઈમરજન્સી સેવાઓ પહોંચવામાં મુશ્કેલી ઊભી થઈ શકે છે. આગ કે અન્ય હોનારત સમયે ફાયરબ્રિગેડ અને એમ્બ્યુલન્સ સમયસર પહોંચી શકે તે માટે પાલિકા તંત્ર તાત્કાલિક દબાણો દૂર કરી રસ્તાઓ ખુલ્લા કરે તેવી માંગ ઊઠી છે.

### વોર્ડ નં. ૧૪માં પોલીસ બંદોબસ્ત સાથે દબાણ શાખાની રાત્રિ રેડ

# લહેરીપુરા-માંડવી રોડ પર દબાણ શાખાની સઘન કાર્યવાહી, એક ટ્રક સામાન જપ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.16

વડોદરા શહેરમાં વધતા જતા ટ્રાફિક અને દબાણોની સમસ્યા સામે નગરપાલિકા અને વહીવટી તંત્ર દ્વારા હવે આક્રમક અભિગમ અપનાવવામાં આવ્યો છે. તાજેતરમાં શહેરના વોર્ડ નંબર ૧૪ અંતર્ગત આવતા વ્યસ્ત અને ઐતિહાસિક એવા લહેરીપુરાથી માંડવી રોડ પર રાત્રિના સમયે ધમધમતી ગેરકાયદે ખાણી-પીણીની લારીઓ અને વિવિધ દબાણો સામે તંત્રએ સખ્તાઈથી લાલ આંખ કરી છે. કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે રાખીને દબાણ શાખાની ટીમે રાત્રિના સમયે અચાનક સઘન ઝુંબેશ હાથ ધરી હતી, જેના કારણે ગેરકાયદે લારીઓ ચલાવનારાઓમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

લહેરીપુરાથી માંડવી સુધીનો આ માર્ગ શહેરના મુખ્ય અને અત્યંત ધમધમતા રસ્તાઓ પૈકી એક છે. દિવસ દરમિયાન અહીં ભારે વાહનવ્યવહાર રહે છે, પરંતુ સાંજના સમય બાદ અને ખાસ કરીને રાત્રે આ વિસ્તાર ગેરકાયદે ખાણી-પીણીની લારીઓથી ઘેરાઈ જતો હતો. રસ્તાની વચ્ચે જ લારીઓ ઊભી રહેવાના કારણે અને ગ્રાહકો દ્વારા પોતાના વાહનો આડેધડ પાર્ક કરવામાં આવતા હોવાથી આ માર્ગ પરથી પસાર થતા સામાન્ય નાગરિકો અને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. સ્થાનિક રહીશો અને વેપારીઓ દ્વારા અગાઉ અનેક વખત આ અંગે રજૂઆતો પણ કરવામાં આવી હતી, જેને ધ્યાનમાં રાખીને તંત્રએ આ મોટું પગલું ભર્યું છે.

રાત્રિના સમયે હાથ ધરેલી આ કડક કાર્યવાહી દરમિયાન દબાણ શાખાની ટીમે રસ્તા પર અડચણરૂપ બનેલી તમામ ગેરકાયદે લારીઓ, કાઉન્ટરો અને અન્ય સામાન જપ્ત કરી લીધો હતો. સ્થિતિ એટલી ગંભીર હતી કે દબાણમાં જપ્ત કરાયેલા સામાનથી એક આખી ટ્રક ભરાઈ ગઈ હતી, જેને તંત્ર દ્વારા કબજે કરવામાં આવી છે. અચાનક થયેલી આ કાર્યવાહીથી ગેરકાયદે દબાણકર્તાઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે. તંત્રના ઉચ્ચ અધિકારીઓએ આ સ્પષ્ટ ચેતવણી આપી છે કે શહેરના નાગરિકોને અવરજવરમાં કે વાહનવ્યવહારમાં કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે વહીવટી તંત્ર કટિબદ્ધ છે. રસ્તાઓ પર થતા ગેરકાયદે દબાણોને કારણે એમ્બ્યુલન્સ કે અન્ય કટોકટીની સેવાઓને પણ વિલંબ થતો હોય છે.